## દૂધસાગર ડેરી
*ભારતની સૌથી મોટી સહકારી ડેરી*

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ,મહેસાણાના નિયામક મંડળની બેઠક તા.૨૭.૦૧.૨૦૧૪ને સોમવારના રોજ, સવારના ૧૧.૩૦ કલાકે મહેસાણા મુકામે, સંઘના મુખ્ય કાર્યાલયના સભાખંડમાં ચેરમેનશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ, જેમાં મહારાષ્ટ દુષ્કાળ રાહત બાબતે થયેલ ઠરાવ ઃ**

ગુજરાતમાં દૂષ્કાળ સમયે પશુધન બચાવવા પશુપાલકોના વિશાળ હિતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને અમૂલ ફેડરેશન(જીસીએમએમએફ) આણંદ ધ્વારા રાહત દરે ૧૬,૫૨૧.૫ મેટ્રીક ટન પશુદાણ અમૂલ ફેડરેશન પાસે પશુદાણ કારખાનું ના હોવાથી દૂધસાગર ડેરીના સાગરદાણ કારખાનામાંથી યુધ્ધના ધોરણે સમયમર્યાદામાં પુરું પાડવામાં આવેલું. આ પશુદાણની તમામ રકમ અમૂલ ફેડરેશન તરફથી દૂધસાગર ડેરીને ચૂકવાયેલ છે.

આ પ્રમાણે મહારાષ્ટ્ર રાજયમાં પણ દુષ્કાળના સમયે મહારાષ્ટ્ર સહકારી દૂધ સંઘ મર્યાદીત (મહાનંદ) ના ચેરમેન શ્રીમતી વેશાલી નાગવડેએ ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના ચેરમેનને મહારાષ્ટ્રમાં દુષ્કાળ હોવાથી પશુધન જીવાડવા ગૌ રક્ષા અને જીવદયાના ભાગરૂપે પશુદાણ આપવા વિનંતી કરેલ. મહાનંદના મેનેજીગ ડિરેકટર શ્રી રવિન્દ્ર સાવંતે તેમના ૨૧/૪/૨૦૧૩ના તેમના ઈ–મેલ પત્રથી દૂધસાગર ડેરી મહેસાણાના મેનેજીગ ડિરેકટર શ્રીબક્ષીને તેમના પત્ર ક્રમાંક MND/02/Dairy/Cattle Feed/2012-13 તાઃ૨૦/૪/૨૦૧૩ના પત્રથી થી લેખિતમાં મહારાષ્ટ્રના દુષ્કાળ ગ્રસ્ત ક્ષેત્રોમાં પશુદાણ પુરુપાડવા માટે વિનંતી કરેલ. જે અન્વયે દૂધસાગર ડેરીના તા.૨૯.૪.૨૦૧૩ની નિયામક મંડળની સભામાં

........૨

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**
પોસ્ટ બોક્સ નં.૧, હાઈવે, મહેસાણા - ૩૮૪ ૦૦૨, ગુજરાત, ભારત.
ફોન-(૦૨૭૬૨) ૨૫૩૨૦૧ - ૦૫, ફેક્સ- (૦૨૭૬૨) ૨૫૩૪૨૨. ગ્રામ: દૂધસાગર
email : sagar@mehsanaunion.coop www.dudhsagardairy.co.in
Amul SAGAR

દૂધસાગર ડેરી
ભારતની સૌથી મોટી સહકારી ડેરી



ઉપરોકત પત્રો વંચાણે લઈ જરૂરીયાત મુજબનું પશુદાણ આપવા એમડીશ્રીને જરૂરી અધિકાર આપવામાં આપેલ. અમૂલ ફેડરેશન પાસે પશુદાણનું કારખાનું ના હોવાથી અમૂલ ફેડરેશન અને દૂધસાગર ડેરી મહેસાણાના ચેરમેને ફેડરેશનના બહુમતી ધરાવતા દૂધ સંઘના ચેરમેનશ્રીઓને વાત કરી પશુદાણ મોકલવાનું નકકી કરી પશુદાણની રકમ અમુલ ફેડરેશન ધ્વારા દૂધસાગર ડેરી ધ્વારા ચૂકવવા માં આવશે તેવું પ્રાથમિક તબકકે નકકી થયેલ. અને તાઃ ૧/૫/૨૦૧૩ના રોજ મહારાષ્ટ્ર સરકારના નાયબ મુખ્યપ્રધાન શ્રી અજિત પવાર તથા મહારાષ્ટ્ર સરકારના બીજા છ મંત્રીઓ તેમજ અમૂલ ફેડરેશનના પદાધિકારી/અધિકારીઓની ઉપસ્થિતિમાં પૂણે ખાતે પશુદાણ વિતરણનો કાર્યક્રમ યોજાયેલ.

મહાનંદના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્રના સાત જિલ્લાઓમાં એપ્રિલ થી જુલાઈ ૨૦૧૩ દરમ્યાન કુલ ૧૩૭૩૧.૫ મેટ્રીક ટન પશુદાણ તેઓએ જણાવેલ જગ્યાએ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પહોચાડવામાં આવેલ છે અને તેની બધીજ વિગતો સંઘના રેકર્ડમાં રાખવામાં આવેલ છે. ત્યાર બાદ તાઃ૧૨/૦૮/૨૦૧૩ના રોજ નહિ નફા નહિ નુકશાન અને પશુદાણના પડતરભાવે કુલ ૧૩૭૩૧.૫ મેટ્રીક ટનની ડેબીટ નોધ અમૂલ ફેડરેશનને મોકલવામાં આવેલ. જે ફેડરેશનના એમડીના તાઃ૨૩/૧૦/૨૦૧૩ના પત્રથી મહેસાણા દૂધ સંઘને પરત મોકલવામાં આવેલ .

જેથી આ બાબતે **તા.૨૮/૧૦/૨૦૧૩**ના રોજ દૂધસાગર ડેરીના નિયામક મંડળની બેઠકમાં આ બાબતે અનૌપચારિક ચર્ચા કરવામાં આવેલ કે આપણે અમૂલ ફેડરેશનને જે ડેબીટ નોધ પરત મોકલી છે તે અંગે આપણે અમૂલ ફેડરેશનમાં ચર્ચા કરીને નિકાલ લાવીશું અને અમુલ ફેડરેશનમાં સર્વાનુમતે થતી કાર્યપ્રણાલીને જાળવવા પ્રયત્ન કરીશું પરંતુ હાલના સંજોગોમાં આ ડેબીટ નોટ

........૩

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
પોસ્ટ બોક્સ નં.૧, હાઈવે, મહેસાણા - ૩૮૪ ૦૦૨, ગુજરાત, ભારત.
ફોન-(૦૨૭૬૨) ૨૫૩૨૦૧ - ૦૫, ફેક્સ- (૦૨૭૬૨) ૨૫૩૪૨૨. ગ્રામ: દૂધસાગર
email : sagar@mehsanaunion.coop www.dudhsagardairy.co.in
Amul SAGAR

દૂધસાગર ડેરી
ભારતની સૌથી મોટી સહકારી ડેરી



મહાનંદને મોકલાવીશું તે મુજબ તાઃ ૩૦/૧૦/૨૦૧૩ ના રોજ આ અંગેની ડેબીટ નોધ મહાનંદને મોકલવામાં આવેલ છે જેની કાર્યવાહી ચાલુમાં છે અને આ રકમ કઈ રીતે મેળવવી તે સંદર્ભમાં કયા પગલા લેવા તે અંગે યોગ્ય રજૂઆત કરવામાં આવેલ છે આમ આ સમગ્રતઃ પ્રક્રિયા–કાર્યવાહી ચાલુ હોવા છતાં તે ધ્યાને લીધા સિવાય જિલ્લા રજિસ્ટ્રાર તરફથી દૂધસાગર ડેરી પાસેથી કોઈ પણ માહિતી મંગાવ્યા સિવાય ફોજદારી ફરીયાદ કરેલ હોવાનું જાણવામાં આવેલ છે તો આ બાબતે યોગ્ય કરી જે તે અધિકારીઓને જાણ કરવાનું ઠરાવવામાં આવે છે.

V.K. Thakar

C. C. Patel

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
પોસ્ટ બોક્સ નં.૧, હાઈવે, મહેસાણા - ૩૮૪ ૦૦૨, ગુજરાત, ભારત.
ફોન-(૦૨૭૬૨) ૨૫૩૨૦૧ - ૦૫, ફેક્સ- (૦૨૭૬૨) ૨૫૩૪૨૨. ગ્રામ: દૂધસાગર
email : sagar@mehsanaunion.coop www.dudhsagardairy.co.in
Amul SAGAR